# હિસાબ નિયામકશ્રીની કચેરી

## ન.કૃ.યુ. નવસારી

## પરિપત્ર

વિષય: યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતા જુદા જુદા પ્રકારના દંડ (પેનલ્ટી) ની આવક જમા કરવા બાબત.

આ યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીમાં જુદી જુદી કચેરીઓમાં ચાલતી પ્રવૃત્તિઓ દરમ્યાન થતી નુકશાની પેટે દંડ(પેનલ્ટી) વસૂલ કરવામાં આવે છે, દા.ત. લાઈબ્રેરીમાં પુસ્તકો વિલંબથી જમા કરાવવાનો દંડ, કા.ઈ.શ્રી ની કચેરી દ્વારા બાંધકામ દરમ્યાન લેવામાં આવતો કોઈપણ પ્રકારનો દંડ, સિક્યુરિટી /હાઉસ કીપીંગ/ કેટરિંગ, તેમજ અન્ય જુદા જુદા પ્રકારની લેવામાં આવતી સેવાઓ તેમજ કોઈપણ પ્રકારની કામગીરી દરમ્યાન યુનિવર્સિટીને થયેલ માલ-મિલકતના નુકશાન પેટે વસૂલ કરવામાં આવતા દંડની રકમ હાલમાં જે તે કચેરીની યોજનાના બજેટ સદરમાં જમા લેવામાં આવે છે, જેના કારણે વર્ષ દરમ્યાન યુનિવર્સિટીમાં થયેલ નુકશાની/ વિલંબ પેટે વસૂલાત કરેલ દંડની માહિતી ચોક્કસ મેળવી શકાતી નથી, તેમજ સરકારશ્રી તરફથી આવી માહિતી માંગવામાં આવે છે ત્યારે ઉપર મુજબ દંડની માહિતી મોકલવામાં વિલંબ થવા પામે છે. જેથી આ મુશ્કેલી નિવારવા માટે આવા પ્રકારની થતી આવકને જમા લેવા માટે યુનિવર્સિટી લેવલે અધર એજન્સી યોજના બજેટ સદર: ૧૮૨૫૦ હેઠળ Penalty Charges ના કોડમાં Receipt for Penalty તરીકે ચલણથી યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવા જણાવવામાં આવે છે. જેનો અમલ તા. 01-04-2021 થી કરવાનો રહેશે, આ પ્રકારની ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન આ અગાઉ આવક થયેલ હોય તો, તે વહીવટી-વ-હિસાબી અધિકારીની કચેરી પાસે ઉક્ત બજેટ સદરમાં સરભર કરાવી લેવાની રહેશે

સદરહુ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે, જેનો અમલ અચૂક કરવાનો રહેશે.

હિસાબ નિયામક

જા.નંબર: નકૃયુ/હિની/બજેટ-2/પરિપત્ર /૪૭૮૧-૮૨ તા. ૨૫/૦૬/૨૦૨૧

**નકલ જયભારત સાથ રવાના**

(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.

(૨) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, ન.કૃયું, નવસારી તરફ અમલ થવા સારું.